શ્રદ્ધાના દિવડાને જલતો તું રાખજે, નિશદિન સ્નેહ કેરું તેલ એમાં નાખજે, મનને મંદિર જોજે અંધકાર થાય ના...

## રાજ્યમાં વધુ ૧૨૫૫૩ નવા કેસ : ગાંધીનગરમાં ૨૬૫ : અમદાવાદમાં ૪૮૨૧

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૪૧ | ૨૨ એપ્રિલ, ૨૦૨૧, ગુરૂવાર; ચૈત્ર સુદ - ૧૦ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

## દેશમાં કોરોનાનો હાહાકાર

## નવા ૨.૯૪ લાખ કેસ

### આ પરથી એવું માનવામાં આવી રહ્યું છે કે ટૂંક સમયમાં કોરોનાના ડેઈલી કેસનો આંકડો ૩ લાખને પાર થઈ જશે, ૨૪ કલાકમાં ૨૦૨૧નાં મોત થયા

નવી દિલ્હી,તા.૨૧

ભારતમાં એક જ દિવસમાં ૨.૯૪ લાખ કોરોનાના નવા કેસ મંગળવારે નોંધાયા છે, આ સાથે દેશમાં પહેલીવાર કોરોનાના દર્દીઓનો મૃત્યુઆંક ૨૦૦૦ને પર પહોંચી ગયો છે. મંગળવારે ભારતમાં ૨,૯૪,૨૯૧ નવા કેસ નોંધાયા છે, એટલે કે પહેલી લહેરમાં ૧૭ સપ્ટેમ્બરે પીક પર પહોંચેલા ૯૮,૭૯૫ કરતા ત્રણ ગણા વધુ કેસ નોંધાયા છે. એક દિવસમાં દુનિયામાં સૌથી વધુ કેસ નોંધાવનાર અમેરિકા છે, જ્યાં વર્લ્ડોમીટર.ઈન્ફો મુજબ ૮ જાન્યુઆરીએ ૩,૦૭,૫૭૦ નવા કેસ નોંધાયા છે.

મંગળવારે દેશમાં પોઝિટિવિટી રેટ ૧૯% સાથે ટોચ પર પહોંચ્યો છે, આ પરથી એવું માનવામાં આવી રહ્યું છે કે ટૂંક સમયમાં કોરોનાના ડેઈલી કેસનો આંકડો ૩ લાખને પાર થઈ જશે. દિલ્હીમાં પોઝિટિવિટી રેટ ૩૨% નોંધાયો છે, જે દિલ્હીના ૨૫% અને મહારાષ્ટ્ર અને ઝારખંડના ૨૦% પોઝિટિવિટી રેટ કરતા ઘણો ઊંચો છે. કોરોનાના કેસની સાથે-સાથે મૃત્યુઆંકમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે. મંગળવારે ભારતમાં જૂના રેકોર્ડ તોડીને ૨૪ કલાકમાં ૨,૦૨૧નાં મોત થયા છે. જેમાંથી મહારાષ્ટ્રમાં ૫૧૯, દિલ્હીમાં ૨૭૭, છત્તીસગઢમાં ૧૯૧, ઉત્તરપ્રદેશમાં ૧૬૨, કર્ણાટકામાં ૧૪૯, ગુજરાતમાં ૧૨૧ લોકોએ કોરોનાના લીધે જીવ ગુમાવ્યો છે. ભારતમાં કોરોનાની શરુઆત થયા બાદ પહેલીવાર દેશના ૬ રાજ્યોમાં ૧૦૦થી વધુ દર્દીઓએ એક દિવસમાં જીવ ગુમાવ્યો છે.

## નાસિકમાં ટેન્કરમાંથી ઓક્સિજન લિક થતાં ૨૨ કોરોનાગ્રસ્તોનાં મોત

નાસિક, તા.૨૧

મહારાષ્ટ્રના નાસિકમાં ટેક્કરમાંથી ઓક્સિજન લીક થવાની ઘટનામાં ૨૨ કોરોના ચેપગ્રસ્ત દર્દીઓનાં મોત નીપજ્યાં છે. કોરોના ચેપ દરમિયાન ઓક્સિજનના અભાવને કારણે લોકો એક તરફ જીવન ગુમાવી રહ્યા છે તો બીજી તરફ નાસિકમાં આ અકસ્માત ટેક્કર ભરતી વખતે લિકેજને કારણે થયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ આ ઘટના નાસિકની ઝાકિર હુસેન હોસ્પિટલની છે.

અહીં ઓક્સિજન ટેક્કરમાંથી અચાનક ઓક્સિજન લીક થવાની સમગ્ર હોસ્પિટલ પરિસરમાં ધૂમાડો ફેલાઈ ગયો હતો. હાલ, નાસિકની ફાયર બ્રિગેડની એક ટીમ પણ ઘટના સ્થળે હાજર છે. મીડિયા રિપોર્ટ મુજબ હોસ્પિટલમાં ઓક્સિજન ટેક્ક લીક થવાને કારણે ઓક્સિજનનું સપ્લાય ૩૦ મિનિટ સુધી રોકાઈ ગયો હતો. જેના કારણે ૨૨ દર્દીઓએ વેન્ટિલેટર પર જ દમ તોડી દીધો છે. જ્યારે ૩૫ દર્દીઓની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. નાસિકના ડીએમએ અત્યાર સુધી ૨૨ લોકોના મોતની પુષ્ટિ કરી છે.

નાસિક ઓક્સિજન ટેક્કર લીકની ઘટના અંગે એફડીએ મંત્રી રાજેન્દ્ર શિંગાણેના જણાવ્યું કે, આ એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના છે. પ્રારંભિક માહિતી મુજબ અમને જાણવા મળ્યું કે, ૧૧ લોકો મૃત્યુ પામ્યા છે. અમે વિગતવાર રિપોર્ટ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. અમે તપાસના પણ આદેશ આપ્યા છે. જેઓ જવાબદાર છે તેમને બક્ષવામાં આવશે નહીં

નાસિક ઓક્સિજન ટેક્કર ગેસ લીક મામલે મહારાષ્ટ્રના પૂર્વ સીએમ અને ભાજપ નેતા દેવેન્દ્ર ફડણવીસ કહ્યું કે, 'નાસિકમાં જે બન્યું તે ભયંકર છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ૧૧ લોકોનાં મોત થયાં જે ખૂબ દુઃખદ છે. જરૂર લાગે તો અન્ય દર્દીઓની મદદ કરવામાં આવે અને તેમનું સ્થળાંતર કરવામાં આવે. અમે વિગતવાર તપાસની માંગણી કરીએ છીએ

## ૮૫ ટકા દર્દી વિશેષ સારવાર વિના સાજા થાય છે : ગુલેરિયા

### દરેકને રેમડેસિવિરની જરૂર હોતી નથી : ૩ ડોક્ટર્સે ક્યા લક્ષણો હોય તો ટેસ્ટ કરાવવો જેવી બાબતો લોકોને જણાવી

નવી દિલ્હી , તા.૨૧

દેશમાં સતત કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. લોકોમાં ભય જોવા મળી રહ્યો છે. આ સાથે હોસ્પિટલમાં ઓક્સિજન અને રેમડેસિવિરની કમી જોવા મળી રહી છે. કોરોના સંક્રમિત દર્દી રેમડેસિવિરને મેજિક બુલેટ સમજી બેઠા છે. ત્યારે લોકોના મનમાં રહેલા ભ્રમને દૂર કરવા, કોરોનાની સારવાર કઈ રીતે કરવી, ક્યા લક્ષણો જોવા મળે તો ટેસ્ટ કરાવવો તથા કઈ વસ્તુનું ધ્યાન રાખવુ આ અંગે દેશના નિષ્ણાંત ડોક્ટરોએ લોકોને સંબોધિત કર્યા છે. એમ્સના ડાયરેક્ટર ડો. રણદીપ ગુલેરિયા, નારાયણા હેલ્થના ડોક્ટર દેવી શેટ્ટી અને મેદાંતા ગ્રુપના ડોક્ટર નરેશ ત્રેહને દેશના લોકોને સંબોધિત કર્યા.

એઆઈઆઈએમએસ ડાયરેક્ટર ડોક્ટર ગુલેરિયાએ કહ્યુ કે, ૮૫ ટકાથી વધુ લોકો કોઈ વિશેષ સારવાર વગર કોરોનાથી સાજા થઈ જશે. તેમણે કહ્યું કે, દરેકને રેમડેસિવિરની જરૂર નથી. મોટાભાગના લોકોમાં સામાન્ય શરદી, ગળામાં ખારાશ જેવા સામાન્ય લક્ષણ જોવા મળી રહ્યાં છે. જે ૫-૭ દિવસમાં સાજા થઈ જાય છે. તેમણે કહ્યુ કે, માત્ર ૧૫ ટકા દર્દી એવા છે જેને હોસ્પિટલમાં જવાની જરૂર પડે છે.

ડો. નરેશ ત્રેહને તે પણ કહ્યુ કે, તેમની સાથે ડોક્ટરોએ હવે એક પ્રોટોકોલ બનાવ્યો છે કે રેમડેસિવિર બધા સંક્રમિતોને આપવામાં આવશે નહીં. તેના ઉપયોગનું સૂચન દર્દીઓના લક્ષણો અને સંક્રમણની ગંભીરતા જોતા લેવામાં આવશે. ધ્યાનમાં રહે કે આ પહેલા એમ્સના ડાયરેક્ટરે કહ્યુ હતુ કે, રેમડેસિવિર કોઈ જાદૂઈ ગોળી નથી... ન તે મૃત્યુદર ઘટાડનારી દવા છે. તેમણે સ્પષ્ટ કર્યુ હતુ કે હળવા લક્ષણોવાળા લોકોને સમય પહેલા રેમડેસિવિર આપવાનો કોઈ ફાયદો નથી.
















